શ્રી અજિતનાથાય નમઃ

# વહેલાલ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ, અમદાવાદ

રેફ. નં. ૧૨૫૮ : ૧૨૩ — તા. ૨-૧-૨૦૨૦

દેવગુરુ ભક્તિકારક શા., શ્રીમાન રા. રા........................................ — પોષ માસ

સંવત ૨૦૭૬

## સબહુમાન પ્રણામ ...

## પત્રં, પુષ્પં, ફલં, તોયમ્ ...

ભગવાન શ્રી આદિનાથ, શ્રી આદિશ્વર પ્રભુ શત્રુંજય મહાતીર્થના દાદા આજે કહે છે કે ! ...

જે કોઈ મનુષ્ય મને પ્રેમ અને ભક્તિભાવપૂર્વક, પત્ર, પુષ્પ, ફળ અને જળ અર્પણ કરે છે તે શુદ્ધ હૃદય વ્યક્તિનું પ્રેમપૂર્વક ''અર્પણ'' હું સ્વીકારું છું.

ભગવાનની પૂજા-ઉપાસનામાં વિધિની નહિ પરંતુ પ્રેમ અને ભક્તિભાવની જરૂર છે. મનુષ્યને અનાયાસે મળેલી જે જે કંઈ વસ્તુ, તે પ્રેમપૂર્વક, ભગવાનને અર્પણ કરે છે તો ભગવાન તેનો સ્વીકાર કરે છે ... ભક્તનો આપવાનો ભાવ તેવો ભગવાનનો લેવાનો ભાવ હોય છે ...

હવે હે મનુષ્ય નીચે મુજબ સબજી લો : ...

**પત્ર : ...** પત્ર એટલે પાંદડું, પત્ર એટલે કાગળ, ચિઠ્ઠી ... ભગવાનને આપણે પત્ર લખી જણાવીએ કે ભગવાન હું સર્વથા સુખી છું. તારી પાસે મારી કોઈ માગણી નથી. આ પત્ર ભગવાનને ખૂબ ગમશે ... પત્ર એટલે જ્ઞાન ... સમજપૂર્વક અપાય તે જરૂરી છે. આમ મનુષ્યે પોતાનું જીવન પાંદડા જેવું ''એવરગ્રીન'' બનાવવું જોઈએ ...

**પુષ્પં : ...** ભગવાનને પુષ્પો ગમે છે. પુષ્પોમાં રંગ, સુગંધ, માર્દવ રૂપ અને આકાર છે. સવારે ખીલીને, સાંજે કરમાઈ જતાં પુષ્પો **''જગતને સુગંધની દક્ષિણા આપે છે''** તેમની ઉદારતા ય કેવી ! એક ચિંતકના શબ્દો છે : પોતાની સુગંધનું વજન ન ઊંચકી શકતાં પુષ્પો સુગંધને પ્રસારી દે છે. હવામાં **''પુષ્પો ભગવાનની કૃતિનું માન છે. ભગવાનની કૃતિનું જ્ઞાન છે. ભગવાનની પ્રાપ્તિનો માર્ગ પુષ્પો જ બતાવી શકે છે ... આપણે પણ સત્કર્મની સુવાસ ફેલાવતું જીવન પુષ્પ ખિલાવીને પ્રભુને અર્પણ કરીએ ...**

**ફળો : ... ભગવાનને ફળો ગમે છે. ભગવાને જ મોસમનાં વિવિધ ફળો બનાવ્યાં છે.** આપણે એ જ ફળો અર્પણ કરવાના છે. કારણ કે તેમના ચરણોમાં સમર્પિત થયેલું ફળ પ્રસાદ બને છે અને એ પ્રસાદ આપણા જીવનને સાર્થક બનાવે છે. **ફળનો બીજા અર્થ છે કર્મફળ જેવું કર્મ જેવું ફળ : ...**

**જળ : ... જળ એટલે જીવનરસ : માણસે પોતાનું જીવન રસમય બનાવીને ભગવાનને ચરણે ધરવું જોઈએ.** જીવનરસ સુકાઈ જાય ત્યારે ભક્તિમાં રસ ક્યાંથી જાગે? ટૂંકમાં કહીએ તો પત્રં, પુષ્પં, ફલં, વાળુ ભક્તિપૂર્ણ જીવન એટલે મીઠાશભર્યું જીવન, ભગવાનની સેવા-પૂજા.

ભક્તિનો માર્ગ કેટલો સરળ છે. ''કર્મફળ'' તમારું... ફળ પણ તમારું... પૂજા પણ તમારી અને દેવદિવાળીનું ફળ પણ તમારું પ્રભુની ડાયરીમાં આજ લખાઈ ચૂકેલ છે. આ છે આદરણીય, શ્રેષ્ઠીવર્ય, વડીલ શેઠશ્રી કાંતિલાલ અમૃતલાલની જીવન સંધ્યાની શીખ...

## વહેલાલ તીર્થમાં ઈતિહાસના સોનેરી ઝરૂખે વહેલાલની યશકલગીમાં શતકીય સુવર્ણ પિચ્છ ઉમેરાયું : ''વેબસાઈટ''માં ક્રાંતિમાં પ્રવેશ કરે છે.

૧. તા. ૧૫.૧૨.૧૯ પૂનમ પછીનો રવિવાર સ્નાત્રપૂજા, સ્વામિવાત્સલ્યના લાભાર્થી શેઠશ્રી નગીનદાસ પ્રેમચંદ શાહ પરિવારે ઉત્તમ ભક્તિ કરાવી, પરિવારના સભ્યોએ સ્નાત્રપૂજામાં રમઝટ મચાવી ખૂબ જ આનંદ-ઉલ્લાસપૂર્વક પ્રભુ શ્રી અજિતનાથદાદાની ભક્તિ કરી અને કરાવી આમંત્રણને માન આપી મહેમાન વર્ગ, સંઘના સભ્યો ભળીને ટોટલ સંખ્યા ૯૦ની થયેલ. એટલે અંદાજે ૧૦૦ વ્યક્તિએ સ્નાત્રપૂજા-સ્વામિ વાત્સલ્યનો લાભ લઈ સામૂહિક પુણ્ય ઉપાર્જન કરેલ છે. સંઘ લાભાર્થી પરિવારની અનુમોદના કરે છે અને વારંવાર આવા શુભ સુકૃત્ય કરવા માટે સંઘ પ્રેરણા કરે છે. સંઘની નીચે મુજબ આવક થયેલ...

૧. સભ્ય સંખ્યા... અંદાજે ૧૦૦ જેવી થયેલ...

૨. સાધારણ આવક ........................................ ૪૬૬૨.૦૦

૩. લવાજમ ........................................ ૪૮૦૦.૦૦

૪. આયંબિલની ઓળીની જૂની ઉઘરાણી ........................................ ૭૫૦૦.૦૦

૫. ૨૦૭૭ પ્રભુશ્રી અજિતનાથદાદાના દ્વાર ઉદ્‌ઘાટનના લાભાર્થી
શેઠશ્રી રોહિતકુમાર શાંતીલાલ પરિવારે લાભ લીધો છે. તેમણે નકરો ભર્યો...... ૩૧૦૦.૦૦

૬. દેવદ્રવ્ય (આંગી + વરખ) ........................................ ૩૩૦.૦૦

૭. જીવદયા આવક ........................................ ૫૯.૦૦

સંઘ સર્વેની ભૂરિભૂરિ અનુમોદના કરે છે. કુલ આવક : ૨૦,૪૫૧.૦૦

**ઉત્સાહથી ઉત્પન્ન થતા પ્રયાસથી મળે છે સફળતા...**
**તેજ પ્રભુના આર્શીવાદ માનજો :**
**શ્રી પ્રભુ અજિતનાથદાદાની ૧૨૪મી સાલગિરિના લાભાર્થી**
**શ્રીમતી ભારતીબહેન મહેન્દ્રભાઈ શાહ**
**હ. સેજલબહેન ચિરાગભાઈ તથા શ્રી ચિરાગભાઈ મહેન્દ્રભાઈ શાહ**
**લાભાર્થી બનવાનું પુણ્ય મળેલ છે.**
**સંઘ પરિવારની ભૂરિભૂરિ અનુમોદના કરે છે.**
**તા. ૮.૨.૨૦૨૦ તથા તા. ૯.૨.૨૦૨૦ નોંધી લેશો... નોંધી લેશો...**

૧. **તા. ૮.૨.૨૦૨૦, શનિવાર લાભાર્થી પરિવાર તરફથી બપોરના ૧૨.૩૯ કલાકે વિજય મુહૂર્ત વહેલાલ તીર્થમાં ''અઢાર અભિષેક'' પ્રોગ્રામ થશે.** સંગીતની સૂરાવલીમાં વિધિકારક ... કરાવશે. લાભાર્થી પરિવારનું પુણ્ય ખૂબ જ ઊંચું છે અને દેવલોકમાંથી આર્શીવાદ વરસાવવા માટે વહેલાલ જૈન સંઘમાં રાજસ્થાનમાંથી ૫૦૦ વર્ષથી વધુ પ્રાચીન જિનાલયના પ્રતિમાજી આપણા વહેલાલ તીર્થમાં પરોણાગત પધારેલ છે. સંગીતકાર સંગીતમાં કહે છે કે ''**પ્રભુ તારા પગલા પડ્યા ને આનંદ છવાયો ...** તે સાંભળેલ છે, જોયું નથી, તે આજે વહેલાલ તીર્થમાં સાંભળવા મળેલ અને જોવા મળ્યું કે પ્રભુ તારા પગલા પડ્યા અને વહેલાલ સંઘમાં આનંદ છવાયો. એટલે ગણી લેશો કે પુણ્ય તમારું શું ફળ આપે છે. શેઠશ્રી ચિરાગભાઈ, સંઘના પ્રમુખ તથા અન્ય સભ્યોને કોઈને આ આદેશ આપેલ તે વખતે પ્રભુ પધારશે ... લાભાર્થી પરિવારનું ખૂબ ઊચું પૂણ્ય કહેવાશે. આ બધા જ ભગવાનને અઢાર અભિષેક લાભાર્થી પરિવાર કરશે અને કરાવશે. ભગવાન લાવવાનો સંપૂર્ણ યશ ... શ્રી સૃજલભાશઈ પંકજભાઈ શાહના ફાળે જાય છે. પ. પૂ. આ ભ. વિજયસોમસુંદરસૂરીશ્વરજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ જિનાલયનો જિર્ણોદ્ધાર ચાલે છે. ઘણા સંઘની વિનંતી હતી, શ્રી સૃજલભાઈ આચાર્ય ભગવંત પાસે હાજર હતા અને ફક્ત એટલું જ કીધું કે ગુરુજી વહેલાલ તીર્થ આપનું જ છે. યોગ્ય કરશોજી. ગુરુ ભગવંતના દિલમાં વહેલાલ માટે ખૂબ જ માન છે અને શ્રી સૃજલભાઈની વિનંતીને પ્રથમ માન્યતા આપી પ્રભુ અંદાજે છ માસ પૂરતા મોકલી આપેલ છે. આજે દાદાશ્રી અજિતનાથ પ્રભુનો ચમત્કાર છે તે ગણવો જોઈએ ... પ્રભુ આવેલ તે નામો ...

૧. મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાન   ૨. શ્રી આદીનાથ ભગવાન   ૩. શ્રી શાંતીનાથ ભગવાન

સર્વે સભ્યોને જાણ કરવાની આ ત્રણે ભગવાનનો ખર્ચ સંઘ ઉપર આપેલ નથી ગુરુભગવંતનું ટ્રસ્ટ શ્રી સુંદર પરિવાર ટ્રસ્ટમાંથી થશે. તેમાં આપણા સંઘના પ્રમુખ શ્રી વિનુભાઈ છે અને શ્રી સૃજલભાઈ શપણ છે. એટલે વહેલાલ જૈન સંઘની ફક્તને ફક્ત જિનાલયની જગ્યા વાપરવા પૂરતી જ વાત છે. દરેક પ્રતિમા ૫૦૦ વર્ષ પ્રાચીન છે. એક વખત આવી સેવા કરશો એટલે ખૂબ જ પુણ્ય કમાશો.

૨. તા. ૯.૨.૨૦૨૦ રવિવાર પ્રભુશ્રી અજિતનાથદાદાની સાલિગિરિ છે.

લાભાર્થી પરિવાર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવશે અને વિધિકારક, સંગીતકારક ''સંજયભાઈ પાઈપવાળા વહેલાલ પધારશે.

૩. તા. ૯.૨.૨૦૨૦ રવિવાર ''વેબસાઈટ''નું ઉદ્‌ઘાટન થશે.

ટૂંકમાં તા. ૮.૨.૨૦૨૦, તા. ૯.૨.૨૦૨૦ ખૂબ જ પુણ્ય ઉપાર્જન કરવાની તારીખ છે, અત્યારથી લખી લેશો.

**પ્રભુ તારા નામે છે હજાર**

**જિંદગી એક કેલેન્ડર જેવી છે, રોજ એમાંથી એક પાનું ઓછું થાય છે એટલે પ્રભુને ભજીલો, સમય, તારીખ લખી લો, સમય હાથમાંથી જશે તો પાછો આવશે નહિ. ચૂક ન થાય એટલે સંઘએ આગોતરું આમંત્રણ આપેલ છે.**

## તા. ૧૨.૧.૨૦૨૦, રવિવાર

સ્નાત્ર મહોત્સવ લાભાર્થી શેઠશ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ પરિવારના હસ્તે હેમાંગીની સચિનભાઈ શાહ સર્વે સંઘને આમંત્રણ પાઠવે છે કે સવારે ૯.૩૦ કલાકે સ્નાત્રપૂજા અને સ્વામિવાત્સલ્ય બાદ સંઘ અને ગામ તરફથી ''સ્મૃતિસભા'' બપોરના ૨ થી ૩ કલાકે ગામનો કૉમ્યુનિટી હૉલમાં ગોઠવાયેલ છે. સકળ સંઘના સભ્યો, ટ્રસ્ટી મંડળ, સંનિષ્ઠ કાર્યકર્તા, આમંત્રિત મહેમાન વગેરેને સમસયર પધારવાનું સ્નેહભર્યું, પ્રેમભર્યું અને ભાવભર્યું આમંત્રણ લાભાર્થી પરિવાર પાઠવે છે.

સંઘની બસ સવારે ૯.૦૦ કલાકે ઉપડશે.

સંઘની બસ પાછી આવવાની બપોરના ૩.૩૦ કલાકે ઉપડશે.

સંઘની ''સ્મૃતિસભા'' બપોરના ૨ થી ૩ કલાકે ગામનો કૉમ્યુનિટી હૉલમાં ગોઠવાયેલ છે. (સંઘ અને ગામે ગોઠવેલ છે.)

લાભાર્થી પરિવારે સવારે ૮.૩૦ કલાક સુધી વહેલાલ તીર્થે આવી જવું ...

સ્નાત્ર મહોત્સવમાં જરૂરથી પધારશો ... પધારશો ... પધારશો ...

## તા. ૧૯.૧.૨૦૨૦, રવિવાર

સાલગિરિના લાભાર્થીને ત્યાં કંકોત્રી લખવાનું મુહૂર્ત સવારે ૯.૩૦ કલાકે શુભ ચોઘડિયે કરવાનું હોઈ ટ્રસ્ટી મંડળ, સંનિષ્ઠ કાર્યકર્તા ફરજ સમજીને તેમના ઘરે આવવાનું ફરજીયાત છે.

સરનામું : શેઠશ્રી ચિરાગભાઈ મહેન્દ્રભાઈ શાહ (મો. ૯૮૯૮૦ ૮૨૦૧૧)
''૧૧, શિલ્પ રો હાઉસ'' શાશ્વત ટાવરની પાછળ, શિલ્પ શ્યામની બાજુમાં, ધનંજય ટાવર પાછળથી જવાનું સેટેલાઇટ, અમદાવાદ – ૧૫

સમય : સવારે ૯.૩૦ કલાકે,

સ્થળ : તેમના નિવાસસ્થાને

તારીખ : ૧૯.૦૧.૨૦, વાર : રવિવાર

–: જય જિનેન્દ્ર :–

# વહેલાલ સંઘનું ગૌરવ

ધર્મનો પાયો આચાર છે તો જીવનનો પાયો સંસ્કાર છે. કલિકુંડ તીર્થોદ્ધારક પ. પૂ. આ. ભ. શ્રી રાજેન્દ્રસૂરિશ્વરજી મહારાજાની વરસની સતત દિવ્યકૃપાથી એવં ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૫૦ બાળકોની શિબિરનું આયોજન થયું છે. તા. ૨૯.૧૨.૧૯ રવિવારે, બપોરના ૨.૩૦ થી ૫.૩૦ કલાકે ''પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની બાજુમાં, બોડકદેવ, અમદાવાદ થયું છે.

ઉદ્‌ઘાટક સન્માનનીય શ્રીમાન સંવેગભાઈ શેઠશ્રી (અધ્યક્ષ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી) તથા અતિથિ શ્રીમાન વિરેન્દ્રભાઈ બાબુભાઈ શાહ (વહેલાલવાળા) (નોલેજ એકેડમીના અધ્યક્ષ છે.)

સંપૂર્ણ જ્ઞાનનો સ્રોત શ્રી વિરેન્દ્રભાઈ થકી થઈ રહેલ છે. સંઘ ભૂરિભૂરિ અનુમોદના કરે છે અને અભિનંદન પાઠવે છે.

# અગત્યની સૂચના

૧. તા. ૧૨-૧-૨૦૨૦ રવિવાર, સવારે ૯.૦૦ કલાકે બસ ઉસ્માનપુરા જિનાલયથી ઉપડશે.

૨. તા. ૧૨-૧-૨૦૨૦ રવિવાર, બપોરના ૩.૩૦ કલાકે વહેલાલ તીર્થથી બસ અમદાવાદ જવા ઉપડશે.

૩. સ્નાત્રપૂજા-સ્વામિવાત્સલ્ય બાદ બપોરના ૨ થી ૩ કલાકે વહેલાલ તીર્થમાં બત્રીસી સમાજમાં જન્મ પામેલ ''મહાદાનવીર કર્ણ'' શેઠશ્રી કાંતિલાલ અમૃતલાલ શાહ વહેલાલવાળાની ''સ્મૃતિસભા'' સંઘ અને ગામ તરફથી આયોજિત કરેલ છે. સમય બપોરના ૨ થી ૩ કલાકે ગામના કૉમ્યુનિટી હૉલમાં રાખેલ છે. સર્વેની હાજરી ફરજીયાત છે. જરૂરથી પધારશો ... પધારશો ... પધારશો ...

૪. તા. ૧૯-૧-૨૦૨૦ રવિવાર, પ્રભુશ્રી અજિતનાથદાદાની ૧૨૪મી સાલગિરિ નિમિત્તે લાભાર્થી પરિવારના ઘરે સવારે ૯.૩૦ થી ૧૦ કલાકે ટ્રસ્ટી મંડળ, સંનિષ્ઠ કાર્યકર્તાએ પહોંચવાનું છે. ફરજીયાત હાજરી આપવાની છે. તારીખ, સમય લખી લેશો ...

૫. બસનો ઉત્તમ ઉપયોગ કરી સમયસર લાભ લઈ સાથ સહકાર આપશોજી ...

# સ્નાત્ર મહોત્સવ ૨૦૭૬

| ક્રમ | માસ | તારીખ | લાભ લેનાર ભાગ્યશાળી | વિશિષ્ટ પર્વ |
|---|---|---|---|---|
| ૪. | મહા સુદ ૮ | ૨-૨-૨૦<br>રવિવાર | મધુબહેન વિનુભાઈ સી. શાહ પરિવાર<br>પ્રમુખશ્રી... પાંચ વર્ષના લાભાર્થી છે.<br>ત્રીજા વર્ષમાં પ્રવેશ... **નોંધ :** પોતાના વાહનમાં આવવાની રહેશે. નવકારશીની વ્યવસ્થા રાખેલ છે. | શ્રી અજિતનાથદાદાનો જન્મ કલ્યાણ દિન સવારે ૭.૩૦ કલાકે સ્નાત્રપૂજા. પોતાના વાહનમાં આવવું. |
| ૫. | મહા સુદ<br>પૂનમ | ૯-૨-૨૦<br>રવિવાર | ૧. તા. ૮.૨.૨૦ શનિવારે અઢાર અભિષેક લાભાર્થી પરિવાર શ્રીમતી ભારતીબહેન મહેન્દ્રભાઈ પરિવાર હ. સેજલબહેન ચિરાગભાઈ શાહ પરિવાર<br>૨. તા. ૯.૨.૨૦ રવિવાર ભવ્ય આયોજન | બપોરના ૧૨.૩૯ વિજય મુહૂર્ત ''શંખ'' સોનાના કળશથી પ્રક્ષાલ પૂજા સંગીતનાં વાતાવરણમાં થશે. |
| | ૧૨૪મી<br>પ્રભુની<br>સાલગિરિ | ૯.૨.૨૦<br>રવિવાર<br>ઉદ્‌ઘાટન ડિજિટલ યુગ શરૂ | **૧૨૪મી સાલગિરિના લાભાર્થી**<br>**શ્રીમતી ભારતીબહેન મહેન્દ્રભાઈ શાહ**<br>**હ. સેજલબહેન ચિરાગભાઈ**<br>**ચિરાગભાઈ મહેન્દ્રભાઈ પરિવાર**<br>**૩. પ્રથમ ચાર તબક્કાની અભૂતપૂર્વ સફળતા બાદ સંઘ ''વેબસાઇટ'' ગ્લોબલાઇજેશન ક્રાંતિમાં પ્રવેશ** | ભવ્ય આયોજન સિદ્ધચક્ર મહાપૂજન સવારે ૯.૩૦ કલાકે સંગીતકાર અને વિધિકારક શ્રી સંજયભાઈ પાઇપવાળા વહેલાલ તીર્થમાં પધારશે. સવારે ૧૨.૩૯ ઉદ્‌ઘાટન વિજય મુહૂર્ત |
| ૬. | ફાગણ વદ ૭ | ૧૫-૩-૨૦ રવિવાર | **ખાલી** | - |

**નોંધ :** લવાજમ તથા ફોર્મ સરનામું તાકીદે ભરીને મોકલી આપશો. નવું આયોજનમાં આપ રહી ન જાવ તેથી વારંવાર યાદ કરવું પડે છે.

---

**સુવિચાર :**

**હંમેશા યાદ રાખો કે આજે જે સમય નષ્ટ કરી રહ્યા છો તે કાલે તમને નષ્ટ કરી દેશે ...**

**પ્રિન્ટેડ મેટર**

ટિકિટ ચોંટાડવાની જગ્યા

U/C 114 (4) & 121 P & T GUIDE, HENCE NOT TO BE TAXED,
ONE RUPEE PER 100 GMS

**રવાના :**

**બિપીનભાઈ શાહ**

**15, શ્રીનિકેતન સોસાયટી, શાંતિનગર, ઉસ્માનપુરા, અમદાવાદ – 380 013**

**ફોન : (ઘર) 2755 1563, મો. 98250 60830 વહેલાલ : (02718) 247 195**


નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વસાહૂણં, એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્